આઠ સાંન ખરે જુગ[1] જુગકી, ઝપકિ જોરૂ આપ; આ.
ઉમેદચંદ અધીકાય હમાગ્નિ, જાણી જગ ગુરૂ જાપરે. સુ ૭

ભાવાર્થ—અનાદિ અનત ભયંકર ભવની ભ્રમ જાળમા પરિભ્રમણ કરતાં, અકાગ નિરજરા થવાથી આઠે કર્મોનિ ઉત્કૃષ્ટી સ્થિતીમાથી છેલી અકેકી કોડાકોડી સાગરોપમની સ્થિતી બકાત રહી, તેનુ નામ યથા પ્રવર્તિ કરણ કર્યુ કેહવાય છે. વળી તે રહેલી સ્થિતીમાંથી એક અંતર મુહુરતકાળ ભોગવિ નિરજરા કરવાનો સમય, તેનુ નામ અપુર્વ કરણ કર્યુ એમ કેહવાય છે એહવુ અપુર્વ[2] કરણ રૂપ ગુણ પ્રગટ થવાથી મોહની કર્મના મુળનિ સાત પ્રકૃતિયો, જે કે અનુતાન બંધી અર્થાત ઘણા ભવ ભ્રમી કરાવનાર ક્રોધ, માન, માયા કપટ, લોભ, સમ્યક્ત મોહની, મિથ્યાત્વ મોહની, મિશ્ર મોહની, એ સાત તેનો ઉપસમ ક્ષયોપસમ અથવા ક્ષય થાય, તેણે કરિને ત્રણ જાંતમાથી અમુક સમ્યક્ત ગુણની પ્રાપ્તી થઇ તેનું નામ અનિવાર્તિ કરણ કર્યુ એમ જૈન ગ્રંથોમાં છે ઉપર મુજબ સમ્યક્ત ગુણની પ્રાપ્તી થવાના કારણથી આ આત્મા સુમતિ, નીવાર્ત, અને સુદ્ધ ચૈત્નાં, એ ત્રણ ગુણનો ભોગોપભોગ કરવા લા-

---

૧ સુગાત ૨ અનતકાળ ચકોનો ૩ કોઈ વખત નહી કરેલુ તેવુ.

યક થયો અને તે ત્રણનું નામ આત્માની સ્રીયો ગણાય છે. હવે તેઓની સાથે મુકાબલો થવા અગાઉ જે પ્રથમનિ કુમતિ, પરવર્તિ, અને અસુદ્ધ ચેત્ના, એ ત્રણ દુરગુણ રૂપ સ્રીયો જે કે અનત સસારના દુખને આધીન કરાવનાર હતી. તેઓનિ સાથેનો લાંબા વખતનો સબધ તુટી ગયો આ સસારની ચાલતિ રૂઢીમા કેહવત છે કે, સારા અને ગુણવાન નવીન સગાઓનો જારે સબંધ થાય છે, ત્યારે પ્રથમના દુખ દાયક સબધીઓની સાથે સાને પણ મળવા ઇચ્છા રાખતા નથી. વળી કોઇ પણ વસ્તુ પ્રાપ્ત થયેલી હોય, તે વસ્તુને સામે બીજી વસ્તુ પ્રાપ્ત થાય તારે પ્રથમની વસ્તુ સારિ છે કે નરસી છે એમ ખાતરિ કરી સકાય છે તેવીજ રીતે આ પ્રસગે આત્માની સાથે પ્રથમથી નિકટ સબધ ધરાવનાર કુમતિ વીગેરે ત્રણ દુખ દાયક સ્રીઓ હતી તે સમ્યક્ત પુર્વક સુમતિને સનમાન કરવાના વખતમા આત્માને અપ્રીય થવા લાગી જેમ જેમ સુમતિનો અમલ વૃધી થતો ગયો તેમ તેમ કુમતિનો અમલ ઉતરતો ગયો; વળી જ્યારે આત્મા સુમતિ સ્વભાવમા સ્થિર થઇને જ્ઞાન દર્શન ચારિત્ર ગુણમા રમણતા કરે છે તે વખતે પ્રથમનિ કુમતિ થયેલી હોય તેને ધીકાર ધીકાર?? હે કુમતિ? તુને ધીકાર છે?? એમ કેહવાનુ મતલબ જાણે કુમતીને તીરસકાર કરતો હોયની" હવે આ પ્રસગે અસત્ય કલ્પનાથિ કેહવાનુ કે કુમતિનું અનાદર થવાથી જાણે આત્મપતિ પાસે સનમાન લેવા પુર્વ પ્રેમની ગમત ઇયાદ કરિ

અરજ કરતી હોય!! એમ જણાય છે તેનુ ગાયન નિચે મુજબ.

પ૬ રાગ કુમરિ યાર કનૈયા નિકો જારે. રાગ

પ્યાર કરૈયા પિયા–નિકો–રે–ને,
હેને–મુજમન–ના–ર રસીયા. પ્યાર૦ ટેક.
મેતો જુગો જુગ–ચરનકી[1] ચેરિ,
હોકર ટેહ[2]–લતી લા–ર[3] રસિયા. પ્યાર. ૧
નવ નવ રપ રંગ–મેલ ખલકમે,
કરતિ–તમશે અ–પાર રસિયા. પ્યાર.
મુજ સમી અવર નઇ–હે જગ રામા[4],
એક હું–પ્રગટ સસા–ર રશીયા. પ્યાર. ૨
સ્થાવર જંગ––મ જીવ જનમમા,
મે હુ–શકળી આ–ધા–ર રસિયા. પ્યાર.
નહી અપમાને[5] કોઇ–મોય જગવા–શી,
આપ કયુ–તો–ડોછો–તા–ર રશિયા. પ્યાર. ૩
આતમ પિયા તેરિ–અગમ કુદ્રતમેં[6],
જાણી નઇ એ–ક લગા–ર રશિયા. પ્યાર.
ઉમેદ ધરિ કહુ–શિશ નમા–વિ,
તમેછો હઇ–ડાના–હાર રશિયા. પ્યારા. ૪
નમતાપર કેમ–રૂષે સુગણ નર,
કરેને જ–ક્ત વિચા–ર રશિયા. પ્યારા.

---

૧ પગ પાશેની, દાશી ૨ ફ્રર. ૩ સાથે. ૪ સ્રી.
૫ અનાદર નઇ કરે. ૬ મે, પોતે.

કુમતા વાદમા-સુમતા-ઓ-સે,
ઉમદચંદ લિયા-લા-ર રશિયા. પ્યારા. ૫

ભાવાર્થ—સુમતિ સ્વભાવના રગણુનાના પ્રશગને લિધે, આત્માનિ પામેલી કુમતિ સ્વભાવતો તદ્દન બધજ પડી જાય છે, તેથી કુમતિરૂપ સ્ત્રિ આત્માની સાથે રગ વિલાસ કરિ સક્તી નથી. કેહવત છે કે સેલડી ચુમતિ વખતે બિજી જાતનુ ભોજન જમવુ નિરર્થક ગણાય છે. સબબકે શેલડીના કુચાગા જમણ મીક્ષ થઈ વ્યર્થ થાય છે તેમજ સુમતિ સ્વભાવનો ઉદય થવાથી કુમતિના અસ્તનો સભવ છે પગુ સુમતી કુમતિ સ્વભાવ એકી સાથે હાતા નથી. અર્થાત કુમતિનો ત્યાગ થયો. હવે કુમતિ પોતાનો અપમાન થયો સમજીને આત્મપતિ પ્રતે અરજ કરવા લાગી કે હે પતિ ? હુ અનાદિ અનત કાળથી તમારિ પ્રીય પત્ની છું તમારિ ભક્તાની ખાતર અને તમારા અતકરણને ખુશી રાખવા ચાર ગતિના ચોગાનમા ચોરાશી લક્ષ જીવાજોનિના તમાસાના તગામ સ્થળો તમારિ દ્રષ્ટી તળે બનાવ્યા તેમજ હજીયે પણ તે સ્થળોની સેહલ કરાવી આપના અશકને પાર કરવા મારા હૃદયમાં ઘણીજ ઉમેદવાર છે. તેમ છતા મારા સ્વતત્ર રંગમા ભગ અને આપનો વિયોગ કરાવનાર વેહતી ગગામાં પાષાણુ પટકી નિરમળ જળને ડોહલું કરનાર, એહવિ સુમતિ આજ કાલ મારિ પ્રિતીને નિરમુળ કરિ પોતાનો અમલ બજાવિ અભિમાન રાખે છે. તો સુ અમારા સબધનિ સમાપ્તી થઇ અને એમનો સબંધ કાયમ રેશે ??

આ ઉપરની રિતો સમાપ્ત થતિ વખતે સુમતિ એકદમ પોતના આત્મ પતિની પાસે કુમતિનાં છાનાં છિદ્રો ખોલિને કેહવા લાગી તે ગાયન નિચે મુજબ.

સુમતિ કુમતિના દુરગુણો કહિ બતાવવા વિષે.

ગાડી આવિ ગુજરાત, અગન કેરી ગાડીરે આવિ.એ રાહ

મારા જોગનનાં સણગા-ર, આતમ મારે મદિર રેજો;
એમ બોલે સુમત ધરના-ર, કુમત ઘેર પાય ન દેજો. ટેક.
રેકતે=કુમતિ કાતિ[1] કર્મની, કાપે સદ્દગુણ આપ;
પાતર વળગી પાપણી,
ઝુરે=વાલમ કરશે એ સઘળ સંતા-પ. આ. એ કુ. ૧
રેકતો=નિજાનદ ઘર [2]કોપથી, ચોરિ ત્રિરત્ન[3] અમુલ,
પીગળને [4]મળ પરશ દઈ,
ઝુનો=વાલમ કરસે એહ [5]રજ-તું-લ. આ, એ. કુ. ૨
રેકતો=અમે સકુળ ઘેર ગોરડી, રમીયે નઇ ઘરબા-ર;
ઉતમ જનુનિ તાત છે,
ઝુવો=વાલમ નાલ સુરગી હુ ના-ર. આ. એ. કુ. ૩
રેકતો=એતો જગત જન મોહનિ, નિત નિત નવલાં કાંમ;
ચોગશી લક્ષ ગામમાં,
ઝુલો=વાલમ ભટકી ભટકાવે ઠુઠા-મ. આ. એ. કુ. ૪
રેકતો=મારે આશા તમ થકી, દિન દિન નવ નવ રગ;

૧—કર્મરૂપ છરી છે ૨—આતમરૂપ ઘરનો ભડાર-માંથી. ૩—જ્ઞાન, દર્શન, ચારીત્ર. ૪—મેલ. ૫—ધુડ જેવુ.

સહીઆનંદ મુજ [1]વિલસતાં,
ઝુલો=વાલમ રાખજો ચિત ગભ—ગ. આ. એ. કુ ૫
રેકુતો=સરખાને સરિખા મળ્યા, ટળ્યા દુ ખ [2]મકરદ:
અવિહડ[3] રેસ્યુ આપણે,
ઝુલો=વાલમ હર્ખે છે ઉમેદ્ય—દ. આ. એ કુ. ૬

આત્મા સુમતિના સવાલનો પ્રત્યુત્તર આપવા વીશે.

રાગ બનજારો.

સુણુ સુમત [4]સુગતની ના—રિ. તારા—સદગુણુ પર બલહારિ, ટેક.
તુ જુગળ છીપ રગ મોતી, તુને પરણ્યા સકળ જગ ગોતિ:
મારા અતરમા હિતકા—રી. સુ. તારા સુ ૧
ગારિ ભાગ્ય દશા સુદ્ધ જાગી, થયો તન મન તમ ગુણ રાગી.
તારિ નવલ છબિ પરવા—રિ. સુ તા સુ ૨
ભલુ સુરત સેહર ગુણકાર, તારૂ પિયર સાસરિયુ ગાર.
ત્યા મળિ સયર દોય તા—રિ. સુ. તા સુ ૩
નિવર્તિ, ચૈતના ગોરિ, અભંગ પ્રીત સમ જોરિ;
મારા અતરમાં વસના—રિ સુ તા. સુ. ૪
તુ મુજ ઘર થઇ પટરાંણી, એ વાત દોગે સત્ય જાણી;
ખરે મુજને એહ વરતા—રિ સુ. તા સુ. ૫
તમ મળતાં એહ ગળિયા, હવે પર ઘેર ફેરા ટળીયા;
પ્રતિ દીનપે રગ રસ ભા—રી. સુ. તા. સુ ૬

---

૧ —ભોગવતાં. ૨—દુખદાયક કામદેવ. —૩ અવિયોગી.
૪—આત્મ સ્વરૂપની.

હવે સુમતિને સંગ લઇને, કુમતિને ટાળો દઇને;
મિથ્યાત્વ અનાણને વા-રિ. સુ. તા. સુ. ૭
ચાલો શિવ મંદરિયે જઇયે, નિત પર્માનંદ થઇ રહીયે;
સમકિત નાણ સંગ ધા-રિ સુ તા. સુ ૮
એમ આતમ સંગ ત્રણ ગોરિ, અતિ પ્રીતસુ ચંદ ચકોરી;
જઇ રહ્યા અચળ પદ ધા-રિ સુ તા સુ. ૯
નિત ઉમેદચંદ રંગ રંગમે, સુર્તની સુમત સુખ સંગમે,
રહે અંતર આનંદ કા-રિ. સુ તા. સુ. ૧૦

પુદગળરૂપી પરઘરની રમણતાના ત્યાગ વિષે.

રાગ આશાગોડી.

પરઘેર રમતા ન જઇયે, પ્રીયા અમે પરઘેર રમવા ન જઇયે ટેક
પરઘેર રમતાં ભવ ભવ ભમતા, આવિ ન સગતા સુ કઇયે પ્રી.૧
પરઘેર યારિ હુઇ ગુણકારી, સદગુણ હારિ દુખ લઇયે; પ્રી.
લજ્ન ગુમાવે સત સબંધમે, અંતે નિગોદ નર્ક જઇયે. પ્રી. ૨
પર નર નારી દુખ ધરનારિ, દુર નઠારિથી રહયે; પ્રી
આપ વગોણુ જગ જન જોણુ ગાઠકો નાણું ગમાઇયે. પ્રી. ૩
પુરણ પ્રીત્યુ નિજ પ્રીયાસે, તો સબ જગ જસ લઇયે; પ્રી.
ચૈતન સુમતાદિક પ્રિયા રંગમે, સહજ સમાધિ રંગે રહયે પ્રી. ૪
સુણુ સુમતા મોય ટેક અભંગી, બોલ્ર અખંડ સિર વહીયે; પ્રી.
કુમતા ઉરથી તજી સમ ભાવે, ઉમેદચંદ્ર ઘેર રહીયે. પ્રી ૫

ભાવાર્થ—સુમતિ, નિવર્તિ, અને સુદ્ધ ચૈતના. એ ત્રણ અધ્યાત્મીક ગુણ ગ્રાહી સ્ત્રીયો સાથે ચૈતન આત્મા એક મ-

તો કરી સ્થિરતા સ્વભાવથી અતરધ્યાનનો વખત નિરગમન કરતો હતો; તે વખતે કુમતિ, પ્રવર્તિ, અશુદ્ધ ચૈતના, એ ત્રણ મમતાના મંદિરમા બેશિ વિચાર કરવા લાગીયો. બેહનો ?? આજ કાલની આવેલી સુમતિયે આપણા પતિને આમ તેમ સમજણ આપી આપણો સબધ ત્રોડાવિ પોતાનો લાભ હાંસલ કર્યો; પણ આપણા પતિનો છેવટનો મત શુ છે તે આપણે જાણતા નથી, માટે તેમની હજુરમાં થોડેક દુર રહને આપણા લાભને માટે દિલની દલીલ દર્શાવી દિલગીરીનો દેખાવ આપી તેમનો મત મેળવીયે તો ખુલાસો મળે એમ ધારિને ચૈતન પાસે વીનતી કરવા લાગી.

ચૈતન પાસે કુમતિના વચન વિલાસ વીષે લાવણી.

નગર તુમેરા રખો મુશાફર ચલો બતન અપને. રાગ

કુમતી=જગતવાસ[1] ઘર કુમત કામની, કળેશ કર કેહતી,
મિજે છોડ ક્યું ચલે સજન મેરે, સુમત સગ સેતી;
હમ નારિ તુમ ખાવિન્દ હમારા, નવ કુસરગ રેહતિ;
ત્રોડિ છીનક્ મોહબત મેરિ, કહો તક્સીર જેતિ;
જુલમી જુલમ મત ગુજર ખલક બિચ ગોહ છાય કેતિ,
લે ઉર [2]સુર મુજ અર્જ યાર મન, ભુલ ગુજર ચેતિ,
હો હુસિયાર કર પ્યાર યાર મુજ, પાલ પ્રોત એતે.
મિજે છોડ ક્યું ચલે સજન મેરે, સુમત સંગ સેતી 1
ચૈતન=અરે કુમત ગત ગગત ધાર મિજ, જાનો [3]મર્દાને;

૨—જગત સ્વભાવરૂપી ઘરમાં રહીને. ૨—હે વિરપુરૂશ? ૩—મરદ જાણુજે.

તેરે મહેલપર રઇન્ ગુજર ગઇ, સોહમ્ દીલ્ જાને;
તેરે પ્યારમે [૧]ચૌક [૨]ચૌરાશી, ઘર ઘર ભરમાને;
તેરે સેથ રંગ રાગ કર ગયે, [૩]દોઝક્ દર્મ્યાને;
અરે [૪]દુકુલકી નાર કુમત સત, વાચ ધર તુ કાને;
તેરે ઐનપર ખ્યાલ કરત મેં, જુગ જુગ કે ટાંને;
ભટક ભમાયા આપ ભયાનક, ભવ ભવ હર બાને,
તેરે મહેલ્પર રઇન્ ગુજર ગઇ, સોહમ્ દિલ્ જાને. ૨
કુમતિ=ક્યુ પારમે મન ભર રોતિ, તુમ સંગ મુજ તેડા;
કર તકૂસિર સબ માફ ખાવિન્દ, રખ્ મિજ સગ [૫]નેડાં;
અવલ્[૬] નાર દિલ્દાર તમારિ, ચલુ પકડ છેડા;
આગુસે મોહ્બત્ લગાકે, અબ ક્યું હો [૭]ટેડા;
ઓ [૮]ચૈતન સંગ ખ્યાલ્ ખુમાલિ, હમ ક્યુ તરછોડે,
સિર ગુન્હા ધર ગાળ બોલ મુખ, સુગતા ઘેર દોડા,
ઝુર ઝુર રોતિ મેલ્ નિસાસા, દિલ્ગીરી રેહતી
મિજ્સે છોડ કયુ ચલે સજન મેરે, સુમત સગ સેતી. ૩
ચૈતન=કયા રોતિ અબ નક્ટ દિલોપર કરકે વિચારે;
તેરે મહેલ્ પર અગમ્ [૯]અંધેરા, [૧૦]ચરાક નઇ [૧૧]જારે;
રંગ સેજમે [૧૨]હેજ [૧૩]કુશુમ નઇ, ખુસબોયુ કયારે.

૧–ચારગતી ૨–લક્ષચોરાશી ૩–નરકમાં. ૪-નિચ કુળની અર્થાત પાપની ૫–પ્રેમ, સ્નેહ ૬–પેહલી, ટીલાયત ૭–વક્ર, વાંકો. ૮–નવી. ૯ –અજ્ઞાન, મિથ્યાત્વરૂપ અંધકાર. ૧૦-૧૧–જ્ઞાન દિવો, સળગાવની નથી ૧૨–૧૩ વીષય સજ્યામા હેત, તથા બ્રહ્મચર્યરૂપ ફુલનીસોરભ નથી.

આંનેમે નહિ ચૈન પલકૂ ભર, તિનસુ રહું ન્યારે,
મે [1]સેહલાની શિવ સુમત ઘર, ભોગ રમણુ સારે,
નિમદિન રહુ વા ઉલ્લાસ ધરકે, કર કર [2]ગુલજારે;
આનામત મુજ દ્વાર ચપલ ચિત, દુર જા નાદાને,
તેરે ગહેલ પર રહન ગુજર ગઇ, સોહમ્ દિલ જાને. ૪
કુમતિ=ક્યા દગા દિલદાર અરે મે, જાનિ [3]નિરબાની,
તુ મતલબમે યાર શીરના, કુચ્છ દિલ નહિ આની,
મે મનમેં રહી ભોલી સયાનિ, ભુલ ભરિ છાની,
કિમ આગું જન દિલ ગુમરૂ, હો ગઇ નાદાની.
દાના પાની લેના દેના, કીસમત સર માની,
શારિ ખાવિન્દ તકદીર મેરી, હો ગઇ બેમાની.
ક્યાકા કરૂ મે અરે દૈવ તેરી, કુન્તં કઉ કેતિ,
મિજે છોડ ક્યું ચલે સજ્જન મેરે, સુમત સગ સેતી ૫
ચેતન=હ્રમ[4] હિમત કર મેલ ઉદાસી, સુમત સંથ કરકે,
જગત ખ્યાલ જજાલ માલકું, ત્રોડી દિલ ભરકે;
કુમત સગ રપ છાડ માડ ચલુ, ધરીજી ઉહ ઘરકે,
કુમત અકેલી નાર જગત ઘર, રૂવે નૈના ભરકે,
અરે નાથ મીજ મેલ નિરાશી શિવ બાસિ વરકે
કુન બેલી મુજ શામ સુરત, બિન ગુને ચલે [5]લરકે;
હસ હર્ષધર ઉમેદચંદ્ર શગ, સુમત સતિ રેહતી;
મિજે છોડ ક્યુ ચલે સજ્જન મેરે, સુમત સંગ સેતી. ૬

૧–મોજીલાલ. ૨–ઉઘડેલા હજારી ગલનાં ફુલની રીતે. ૩–અબધક અર્થાત છુટો. ૪–આત્મા. ૫–લડાને.

ભાવાર્થ—કુમતિએ આત્મા પ્રતે પોતાને માન લેવાની ખાતર અર્જ કરી, તેના જવાપમાં રત્નત્રયનો લાભ મેળવી પવિત્ર થવાના સમયમાં આત્માએ કુમતિને ખરેખર તિરસ્કાર કર્યો એમ સમજવું. અર્થાત અહંતા અને મમતા એ બે જાતના દુરગુણોનું ક્ષય થવાથી કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. તો હવે સાક્ષાત્ આત્મા પાસે કુમતીરૂપ સ્વભાવ હોયજ ક્યાંથી હવે આ પ્રસંગે અસત્ય કલ્પનાથી એમ સમજવાનું છે કે આત્માને કુમતી સાથેનો સબંધ ત્રુટી જવાથી અને પૂરણ જ્ઞાનની લક્ષ્મી પ્રાપ્ત થઇ જવાથી જાણે ધનાઢ્ય બની ગયો હોય? વળી તેવી મહર્દ્ધિકપણાની શક્તી વધવાથી અણગમતી સ્રીનો ત્યાગ કરી ખુબસુરત ને મનોરંજક નૌતન સ્રી પરણી તેની સાથે સદા રંગ વિલાસ કરવા અત્રપ્ત રહેતો હોય એમ જણાય છે. માટે સુમતી સાથેના નવીન મુકાબલામાં અતિ પ્યારના પ્રસંગને લીધે દુરાચારી કુમતીનો ત્યાગ કર્યો એમ માનવું તેમાં આશ્ચર્ય શું ? । હવે સ્વરૂપાનંદી આત્મા, સુમતીની સહાયતાવડે સર્વ કર્મ કલેશથી મુક્ત થવાના વખતમાં ત્રણ યોગને સ્થિર કરી અયોગી ચઉદમા ગુણસ્થાનમાં પ્રવેશ કરવાથી સુક્લ અર્થાત ઉજવળ સમર્ણના ચતુર્થાંસની[૧] શક્તીવડે અંતરધ્યાનમાં અવગાહન કરી પર્મ પદ પ્રાપ્ત કર્યું.

૧—સુક્ળ ધ્યાનનો ચોથો પાયો—

આત્માએ ત્યાગ કરવાથી કુમતીના વીલાપ વાશે.

અચાનક આ શુ કોપ કીધો કીરતાર એ રાગ.

અરે આ શુ ? હશા કોપ કરી ગયા આજ,
દુખના ઉતાર્યા મારે આગણે જહાજ,[2]
હામ હતી હઇડા માંહે રહી કિરતાર,
અતરીાની વાતુ કરી શકી નહી લગાર ૧
હુ તો રહેતી આપ ઓજે[3] ખેજે ધરી શીશ,
દુખ દરીયામા નાખી ગયા વલા વીશ.
કેમ આ ખમાએ હિંદ દાહ તાપ માય;
સર્વે સાદે ઝીગુ ઝાણે રૂવે કહે હાય,
અરે હઇડા નફટ નઠોર રહ્યા એમ,
વાહાલાને વિયેગે ફાટી પડયો ન તુ કેમ,
કેમ રહુ નાથ વીના હુ નોધાગી નાર,
અમળા ન—ગગા—હમા કરતીયુ પોકાર ૩
નાથ તારા વિયોગથી દુખની અપાર;
પેહરાવ્યા જે તમે તે ઉતારૂ સણગાર;
ભેખ ધરી જોગણુ થઇને બાળુ દેહ,
એમ કહી ધ્રમકાને થડી ધમ તેહ ૪
ચૈતનાર્ગે મુન્ય થઇ કાયા મેલી પ્રાણ,
સબધી મળીને બાળે જગરીત જાણુ,
સાણા માન સજન સાભળો ધરી કાન,

૧—પ્રવેશ—૨ વાહાણ ૩ —સરણુ.

આપ્યુ વખત એવો એક છે હેરાંન
ચેતાવે છે ચૈતન ચતુર ચેતો આપ,
ધર્મ ધરી મટાડજો ભવનાં સતાપ,
જો જો હો! પસ્તાવા કરવા પડે નહીં જેમ,
તેમ કરી લેજ્યો વેલા થાઓ ટાળી વહેમ ૬
કાયા કાચી કુપી કાચ કેરી જાણો એહ,
કુમત ગમત કેરા નિવાસનો ગેહ,
છાડવી છે એક દીન વન ઘર માય,
ધણન થશે એ કેહની એહને નઇ સગાય ૭
ખરે માનો નાદાન ન થશો વાર કોય;
ઉમાની લ્યો આપ તણો લાભ સુખ હોય,
ભુલજ્યો મા અમુલ્ય વખત ભલો આજ,
કહે છે ઉમેદચંદ્ર સુધારોને કાજ, ૮

આલોયણ કરવા વીશે પરમેશ્વર પાસે સ્તુતી

મનડુ કીમ હી ન બાઝે. હો કુથુ જીન મનડુ કીમહી ન બાઝે એ રાગ

શુઇ[1] મગળ ગુણકારી હો પ્રભુજી, થુઇ મગળ ગુણકારી,
નાણ[2] દરસ[3] બલીહારી હો પ્ર. થુઇ- ટેક
કાળ અનાદી ગુમ્યો પરવસમેં, મુળ આતમ ગૂણહાની;
તી સુકૃત કૃત્ય આજ કમાઇ, સુદ્ધ શ્રદ્ધા થઇ મારી. હો પ્ર ના. ૧
કૃપા કૃતી સિર ભઇ સત ગુરૂકી, ગ્રથી ભેદે સુદ્ધ આઇ,
સ્વપરભાવનો ભ્રમજ ભાગ્યો, નાણ દ-સ વ્રત પાઇ હો પ્ર ના. ૨
ગુરૂ ગન્યાની ગુણાકર સગથી શ્રદ્ધા ગન્યાન ગમ આઇ;
શકતી સાર ગ્રહ્યા વ્રત ભાવે, જેમ આતમ સુદ્ધ થાઇ હો પ્ર. ના ૩

૧-દેવગુરૂ ધર્મની સ્તુતી૨-જ્ઞાન-૩-દર્શન તથા સમકીત.

પશ ક્રીયાનુ આળોચ[૧] કરીને, સવતી[૨] સામાયક લીધુ,
પાપાશ્રવને[૩] રોકી વીવેક[૪] સમતા ગુણ રષ પીધુ હો પ્ર. ના. ૪
જ્ઞાનતણા અતીચાર[૫] છે ચઉદે, દર્શનના પચ જાણુ,
નુન્યાધીક વિપરીત જે સરધ્યુ, તેહ દુકૃત અત આણ્યુહો પ્ર. ના ૫
આણુવ્રતને[૬] ગુણુવ્રત[૭] વ્રત શીક્ષા સંતેર પચ વીસ્તાર,
સલેખણાને તેમજ પચે, એક નવાણુ અતિચાર હો પ્ર ના ૬
અષ્ટાદસ[૮] પાતીક પરાચે મિથ્યાત પણવિસ[૧૦] ચાર;
સમ વિષમ ગમ તત્વા તત્વની, નહતી તસ પડહાવેહો પ્ર ના. ૭
હવે આળોચ શકલ દુક્રત્યની, કરી નીજ આતમ હિતે;
ખામ્યા[૧૧] અતે જગત જન જાગી, પગી પાગણુ કરૂ પ્રીતેહો પ્ર.ના૮
ચુન શુન મગળ મન ગાહારે, ઉત્તમ સરણા ચારે;
સાન્ત સરિતા[૧૨] જળ શિતળ મજન, કરીયે ઉમેદવારેહો પ્ર. ના. ૯

રાણકદેવીસા—બની-બાહાર એની એની એજ
મંડપ રચ્યો આ—જ મંડપ એ રાહ,

ભવ ભાર ભમંદર ધર્મ, સાનદે વર તુ આજ; એ ટેક
ખતી[૧૪] ધર ધર્મી ખામી[૧૫] લક્ષીતાગે રગ સીર નામી,
સભ દેસ વરત ગુણધારી, સમ્યકત દ્રઢી નર નારી.
ગુરનાણ દર્સ ઉપગારી, ભવેં ચરતા[૧૭] રાખી લાજ, ભ—સાન ૧
થલ[૧૮] જલ[૧૯] જ્વાલા[૨૦] જાણી, વાઉ વનસ પ્રીહાણી.

૧—સંભારીને—૨—ત્રણ જોગ—કબજે—કરીને—સમતા ભાવ—૩—આવક—૪—જ્ઞાનથી—૫—પાપનું સ્પર્શ—૬—સાધુથી ઓછા—૭—પાંચને ગુણ આપનાર—૮— આઠને માથે મુગટ તથા અબોડા સમાન—૯—અઢાર—૧૦—પચવીસ—૧૧—ક્ષમા માગી—૧૨—નદી—૧૩—સ્નાન—૧૪—સાધુ—૧૫—ક્ષમા—૧૬—શાવક—૧૭—૧૮—૧૯—૨૦ પ્રથવી, પાણી, અગની.

વળી[૧] બીતી[૨] ચોરદ્રીવત, સર ઇંદ્રી કહ્યા ભંગવત.
ચોરાશી લક્ષ જોની જત, સબ પામી સારૂ કાજ સગ સા. ૨
મનથી મે વામી માન, નામી આતમ ગુરૂં સાન[૫]
ધરૂ ધ્યાન ગ્યાન ઉરધારી, ગુલતાન ભાન સ્થિર લારી,
અહતા મમતા મનમારી, ગુનકારી ભવ પાજ[૬] ગુ સાન. ૩
નિત નિત નવ રગી, પ્રેમ ભકતી અભગી,
છે રગ ઉમગી સુકામ, પરમાનદ પદ શીવ ગામ,
ધરૂ ઉમેદવાર ઉર હામ, તેહ પુરો માહારાજ તેહ સા. ૪

રાણકદેવીમાંથી બનજારો.

ધણાં ધિકાર મને છે હો ભાઇ એ રાગમાં

ધણા કર્મ જગતમા કમા-ઇ, ભવ ભાર ભયકર ભાઇ એ ટેક.
જેરે સ્થાવરને જન્મ જગમમા, કીધા પરવસ માય સદા-ય.
તેહ સબધમા કોટી કલપના-મમત-પર વચર-નામા ગુમાઇ.
નીજ અરથની કમા-ઈ-ભવ૦ ધ૦ ૧
રાય કદી મેં રંક અનાથી-કદીક સુરવીર માય ગણા-ય,
કૃપી કાયરને કામી કુસગી-ભંગી જંગી કદી-મોજ ગજાઇ,
કરી ઉમરમે ગમા-ઇ ભવ૦ ધ૦ ૨
કદી નરકમા પ્રાતિક પુરે-દુખ અસહ ભરપૂર સવા-ય,
સ્વર્ગે કદી સુંર ભુવનમાં, ભારે ભાગની રગ-ખેલ મચાઇ.

૧-બેદ્રી-૨-તેંદ્રી-૩-પાચ-૪-કાઢીને-૫-સગસા-૬ પાળ કાઠો-૭-એકદ્રી-૮-ત્રસ ચાલતા.

પૂન્ય પુરવની કેમા-ઇ, મવ૦ ધ૦ ૩
એગ અન ી જગ અનતમાં, ખેલ ખેલ્યા ખાશી ખાખ મિલાય.
મોહ ભુતકી કારંપા નિસાની, ચોગત પુરકી-સેહલ નીપાઇ;
લક્ષ ચોરાશી-જા-ઇ-મા૦ ધ૦ ૪
કરી સબંધ જીવ સકલની-આયો-આરજ-કુલમાય ચલા-ય,
જાગી જોયુ મે સાન ગુરૂકી દેખ્યો ન ગત[૧] દુખમાય સપ્યાઇ.
અહા દશા દુખના-ઈ. બાવ૦ ધ૦ ૫
એમ આલેચતા નીવર્તી આઇ, ભાગ્યો ભ્રમ ભેદ ભાવ શરા-ય,
પરમારથમાં સ્વારથ સાધી, લહુ પુરણ ગુણ જ્ઞાન સહાઇ.
ઉમેદવાર ઉર લાઇ- ભ૦ ધ૦ ૬

ત્રીથંકરની વાંણીના અમ્રતરશ વીશે ઠુમરી,

મોરલીમાં મોઈ છું-વારી-વારી વારી-એ રાગ.

સુરતીકુ-રઇછુ-વાની-હેની-હેરી
ઉરમીતો હરી-મા—રિ—આજ
મીઠી ને લા—ગે છે—હો તારી—રે—વાણી, ઉ૦
હલક ભલીરે[૩] ગલતાનજી-હો જીનવર તારી-સુરતી૦
ઉરમી૦—મી૦ ઉ૦ ૧
વરસે જુ-સુધાઅ્રત્ય-ઘેરી ઘેરી,
ભિજે હો-બવી-ધર[૪] સુવાકય;
ભ્રમના સમીરે-સુધ-જ્ઞા-ન જીહો-જીન૦ સુર૦ શિર૦

૧-એધાણુ-૨-આગળ ભોગવેલા-૩-ગળાંની ગળક-માં-૪-પ્રથ્વી.

મિઠી૦—ઉર૦—૨

કૂમતહ—રાણી—મારી—ધીરી—ધીરી,
સાધ્યો હો—અનુ—ભવ—તા—ર,
મમતામ—રાણી -તારી—સા—ન જીહો—જીન૦ સુર૦ ઉ૬૦
મિઠી૦—ઉર૦ ૩

ઉમેશ્વા—રીમાં—હુંતો—વરી—વરી,
સજ્યાહો—પ્રત—શ ગ—સ જ્જે,
સુમત આછરે—રગ—તા—ન જીહો જીન૦ સુર૦—
ઉર—મિઠી૦—ઉર૦—૪

ચંદન બાળાની કાફી.

નરશી મેતાની દીકરી કુવરબાઇના મામેરાની દેશી.

વીર જીગુન ઓરા—આવોરે,
મારા જિવ જીવન ઓરા—આવોરે,
તમુ વિના—જાય બેલી કોણ મા—રૂ ટેક.
આ—કર્મ ક્રયે કૂર[2]—પૂર્વના મા—રા,
માત મુઇછે તાત—બંધન પ—ડીયા,
વેણી કતરાણી મારી—સાન હરાણી,
હુંતો—શ્રૃગે[3] પૂરાણી નેવળ[4]—જડીયા—રે—હુંતો શ૦
તમુ૦—વીર૦—મારા૦—તમું૦ ૧
આ—બાળ કુમારી હુંતો, ચોપથી ચોરાં—ણી,

---

૧ સણગાર. ૨ નઠારા ૩ ભોંયરામાં. ૨ બેડી ડસકલા.

મોઘી હતી પણ—ચૌટે વેચા-ણી:
લાકડવાઇ મણ—ત્રણ અપવાની રઈ,
માનતી છુ કોણે—જાણી—રે—હુતો મા૦
ત૦—વી૦—મા૦—ત૦—૨
આ—ડેલી ઊભ—મા હુ એ—ડી જના—વા
આકળા છાજ[1] ખુણે—સઇ વીમા—શી,
આવાને ચિર ગુરૂ—ભાવે ભોજન દીધુ,
દિલ મેલાછો થેની—નાસી—રે—મુને ની૦
ત૦—વિ૦—મા૦—ત૦—૩
આ—હુ રે દુખણી અતિ છડે હત ભા—ગી,
બેઠીછુ પુ—રવ પુન્ય પરવા—રી,
ગદગદ કંઠે બાળા, બોલી કરૂણા ગય,
શુન્ય બનીછુ ભીગત હારી—રે, હુ સુ૦
ત૦—વિ૦—મા૦—તુ૦—૪
આ—શ્રાવણ ભાદરવા—સની ઝાજયુ,
ગગાને જમુનાની—રેલ્યુ રેલા—ણી,
દોય નયણા બિચે—અશ્રુની સરણીયુ[2];
નેહતી કચુકી[3] તો ભિ—જાણી—રે—તેની વે૦
ત૦ વિ૦—મા૦—ત૦—પ
આ—દિન દયાકર દિ—લના દ—રિયા,
કર પસારી[4] ભુક્ત લઇને વ—ળીયા;

---

૧ સુપડાને ૨ સરવાણી ધારાઓ. ૩ કાંચળી.
૪ હાથ લાંબો કરી.

શુવણ વટી થઇ-પચ દ્રવ સંગ,
ચદનબાળા દત[1] ફળીયા-રે-સતી ચં૦
ત૦-વ૦-મા૦-ત૦-૬
આ-શિર વેણી હયે હાર હીરાજડ,
પાય ઝાંઝર કર-કંકણ રા-જે,
ચીર દક્ષણી અગે ગોરી ગુણાવળી,
વિર ગુરૂની દયા-છાજે-રે-શિર વી૦
ત૦-વિ૦-મા૦-ત૦-૭
આ-ભોગ તજીને જોગ શા-ધી કુમા-રી,
વીર ચરણમા-શીખણી પેહ-લી,
ચદનબાળા જગમાત ઉમેદભર,
શી । ગઇછે વેલી-વેલી-રે-એનો શી૦
ત૦-વિ૦-મા૦-ત૦-૮

સુબોદ્ધસતક સાર્વજનિક દોહા.

અકળ સ્વરૂપી આત્મા, અખડ જોત અવિનાસ;
તે જાણે સુખિયા સદા, પડે ન કુમત પાસ. ૧

ગુરૂગુણ વિશે.

ગુરૂ ગરવા ગુણ ગહનછે, ગુરૂગુણ ગગન અમાપ;
ગભિર ખિર સમુદ્ર સમ, કરૂ હુ ઉરમે જાપ. ૨

---

૧ દીધેલુ દાન.

ધર્મવિષે.

ધર્મ ધરે ભવ બુડતાં, અપર વંહચાણુ જેહ.
પર્માત્મપદ સ્થીર કરે, સત્યપદ તત્વજ એહ. ૩

સમકિત વિશે.

સમત નાણુ ગજગ ગમત, રત્ન ત્રય શુણકાર.
ઉમેદવાર ઉરમે ધરિ, શિવ સુખમે સિરદાર. ૪

ઊપદેશ વિશે.

જાગો જાગો જગજનો, સુતા મોહભર કેમ,
સતપથ છુટે નહિ, પુર પામે નહિ ખેમ ૫
જગમે જનમે જશ નહી, ધર્મહીણનો જોગ,
તે ભવ હારે મુઢ તે, પરભવ દુખિયા લોગ ૬

ક્રોધ વિશે.

કરે ક્રોધ નહિ બોઝના, તપે તપાવે આપ.
બાળે સદગુણ આપના, પ્રગટે પુરણ પાપ. ૭

માન વિશે.

માનિ મદના છાકમા, ગાન્યા નહિ ગુરૂદેવ,
અવિનયને કર્દમકળિ, ટળે ન કૂગત ટેવ ૮

માયા કપટ વિશે.

કપટ ધર્મ જન વચના, કરે કુભાત સદૈવ;
જિનગાર કરિયા કુગતિ, ટળે ન કુમત ટેવ ૯

લોભ વિશે.

લોભે લક્ષણ મગ ગળે, ગળે શર્મ તતખેવ;
લોભ હૃદય નિરદયા, ટળે ન કુમત ટેવ. ૧૦.

ક્ષમા વિશે.

કરો ક્ષમાજન સર્વને તેહથિ રેશો ખેમ,
હિતરચ્છક ઉપર સવે, નવ ના ધરસે પ્રેમ. ૧૧

નિરમાની વિશે.

નિરમાને વિનય કરે, વિનય વાધે જ્ઞાન,
જ્ઞાન શિવસુખ સંપજે, જ્ઞાને અવિચળ ધ્યાન. ૧૨

અકપટ વિશે.

નિરવચ્છક આશા તજે, આશાગાડે વાશ,
વિનાશી શિવ વાશી સદા, હા રહી જ્યોત પ્રકાશ. ૧૩

નિર લોભતા વિશે.

નિરલોભી ખોપ નહી, સદા કરે સંતોષ:
સંતોષિ સુખિયા સદા, કરે ધર્મકો પોષ ૧૪

ત્યાગી વિશે.

ત્યાગી રાગી તજ નહી, જબ નહી મનમા હોય:
રાગ દ્વેષ મન જો કરે, તે સંસારિ લોક ૧૫
તનધનમ સમપણુ ધર્મકો, નાહિ પ્રેમકો ફૂદ,
જળીતન જગમાં આ મિલો, નિત નિત ઉમેદ્યદ. ૧૬
કાયા માયા કામની ત્રણે ભગ્ની ગણાય,
તનમન ધર્ચ ત્યાગ કરે, તોપણ ભિન્ની જાય ૧૭
સર મા નહી દિન ગર્વના, [illegible] નિશદિન,
બાર્નિશ્મોટ સાગર જગમા, એસા ભાગ્ય નિગમ ૧૮
ભાનુકે ઉદ્યે સને, [illegible] કોઈ નોય,
દુરાચાર હોનુ કરે, [illegible] દાપ ન કોય ૧૯
માત તાત બાંધવ સ[illegible], કર્મ મળિયા આય;
પાપ પુન્ય ભાતા ભરિ, પરભવ ચાલ્યા જાય. ૨૦
જગમા ચૌશક જોનમણી, તે દોવે કેહવાય,
લેણા દેવિ જગસિરે, પશુકમિ લેવાય ૨૧
નર નારિ મોહ્યા સર્વ, રૂપ રૂપાંતર જોય;
રૂપ ન દિઠો આપણો, તે ખોવે ભવ દોય. ૨૨
આણ મિલતે મળતા રહે, ગળતા રાખે દૂર.

ને નર ભુલ્યા ભવ ભમે, પોહોંચે કર્મ હજુર. ૨૩
પાપિ થાજે મીત્ર તુ, પાપ તજીને દુર;
પાપિ પર્મારથ કરે, કાર્મ કરે કરૂર. ૨૫
જગત જાળ જે જુગતથી, સુખ દુઃખનો આધાર,
નરવાની તતબીરથી, જ્ઞાનિ પામ્યા પાર ૨૬
નિરખી ચાલો માનવિ, ત્રણે ચક્ષુ વિકાશ,
જ્ઞાનચક્ષુ એ ચર્મની, તો કદિ ન પડસો પાસ. ૨૭
રાખ ટેક એક ધર્મની, મેલ કર્મની વત,
મેલ રહેમનો કર સદા, સેહેલ સંતનો સાથ ૨૮
નેક નજર કરિ નિરખતાં, જગત જાળના રગ,
ભવ ભક્ત ફિર રકત તુ, થા નાહી પડેજ ભગ. ૨૯
કુસંગાનો સગ તુ, કર મા ગતિ વિચાર,
ઓચીતા દુખ આવશે, હંસ કાગ જ્યું લાર. ૩૦
ધર અધુર જીન નામને, સ્વાસો સ્વામ સત્સંગ
રગ ભગ નહિ સર્વદા, કરજે સર્વે ઉમગ. ૩૧
આનદ ઘરમા સ્થિર થઈ, છંદ કહુ સુખ કદ;
ધર ઉમગ ઉપોયોગ કર. નિત નિત ઉમેદચંદ. ૩૨
જોબનમા જિત્યો નહિ, ઈંદ્રીનો વિકાર,
તે પરતાસે પાપિયો, પોચિ નર્ક દ્વાર. ૩૩
ધન કામ્યો નહી શક્તિમા, બુઢો થયો સરિર,
ઝુરે મુરખ પાછળે, કામ ન લાગે જરિર.

લોભી વિષે.

આશા અંતર લોભિને, કરતા વાર ન કાંય;
અધરાગો લોભિ સમો, દિઠો નહિ જગમાય. ૩૫
ધિગડે લોભિ જનને, ધિગ ધિગ કરે વિચાર
ધન દાટે ધર્તિ ખણી, ખરચે નહીં લગાર. ૩૬
જે ખરચેનો પાપમાં, નહીં ધર્મમાં દામ;
લાભ ન પામે દોકડો, નિરફળ લોભિ કામ ૩૭
લોભિનુ મુખ દેખતાં, જાય અલેખે દિન,
ધર્મ ન નિપજે લોભમા, એ લોભિના ચિન ૩૮
લોભ ન કરશો માનવી, દુરગુણ જાણી આપ;
દિયો દાન સરધા થકી, ગટશે ભવ સંતાપ. ૩૯
મન ક્રુમગાતે જે દિયે, લખ કોટીનુ દાન,
વાનિ ક્ષેત કણીશા સમો, તેવુ થાય જાહાન ૪૦
વાવો ખેતર દેખીને, નિપજે જેમ હજાર,
લાભે લાવો ભાવતો, તરિયે ભવજલ પાર ૪૧
લાખેણી ખીણુ જાય છે, ધર્મ વિનાની જોડ;
ગત અવસર ગળશે નહિ, કહુ ધરિને નેહ ૪૨
દેખો ઉદય એકડો, અસ્ત હુવે વળી એક,
ફુલે કુસમ આરામમા, વળી કરમાનાં દેખ. ૪૩
જનમે એક જગતમાં, ભિન્ન મરતા જાય;
આવક ધનનિ એક દી, જાવક એમજ થાય ૪૪
ભાર્તિઓટ જલ સાયરા, જાત વળતની છાંય;
મે દિઠી જગવાસની, રિત્ય એહવી ભાય. ૪૫

ધન સચ્ચુ જુગતે કરી, પેદર્યુ ખાધુ મેટ;
હાથ ન લાઓ જે કરે, તે દુનિયાગાં નેડ ૪૬
લોભિને લાલચ ઘણી, લાજે નહિ લગાર,
આડા ઓઓ લોભિઓ, ખળ થઈ કરે બિગાડ ૪૭
કરિ ધર્મ કરવા તણો, દિયુ ઉપદેશ સુછંદ,
સાભળી હૃદય રાખજો, કે છે ઉમેદચંદ. ૪૮
કરિ કમાઇ આપથી, વાવરને લે લાવ;
મત કર આશા પારકી, નહ હાવે કોઇ હાવ ૪૯
દેખિ દોશ પરના કહે, આપ ન દેખે દોપ,
હિતારથ જે કોઇ કહે, તે પર કરતો રોષ ૫૦
લઘુતા રાખો ગુણ ગ્રહી, મોટમ મેહલી દુર,
લઘુતામા પ્રભુ પદ મળે, વાધે પ્રતિકુલ નુર. ૫૧

(પરમાર્થિ વિશે.)

સરવર તરવર સુગણ નર, લેવે નહિ કુછ દામ,
પર્મારથ કે કારણે, જગમે કિયા મુકામ. ૫૨

(પરગજુ વિશે.)

નેકી ટેકી જગતમાં, દિશે વિરલા કોય;
સતી સત જગહર ગુણી, સ્વપરગજુ હોય. ૫૩
સગ ન કિજે નિચકી, સદ્ગુણ લોપે જેહ;
આળુચિત્યો દુઃખ ઉપજે, તેમા નહિ સદેહ. ૫૪

(ચારથિ તરી ચાલવું.)

અગળા તુરિ. ગજ થકી, દશ સત સહસ્ર હાથ.
તનિને દુરે ચાલિયે, અરથિ જોયણ લાખ ૫૫

(સર્વમાંથી ગુણ લેવું)

ગુણ લિજે સબ જન થકી, સિઝે વંછીત કાજ.
પંખી કાછબ જોગથી, પ્રાણ બચ્યા રહી લાજ ૫૬
તન ધન જોબન સંપતિ, મળીયા પુન પસાય,
ફરીને કરણી પાધરી, પરભવમાં સુખ થાય. ૫૭
સારૂ નારૂ જે કરે, હોએ દુઃખ અપાર,
અહંતા મમતા મેલતાં, તરિયે ભવજળ પાર ૫૮
જગ જન સાથે સપથી, રહિયે હૃદય વિરામ.
નિપતી ટાળે સબ મળી, આપે સુખ અવાસ. ૫૯
સંપતમા હત હિછયે, લોભ ન કિજે કાંય;
દાને દોલત સંપજે, મળી આવે ભા માય ૬૦
ક્રોધિ માની લોભિને, જો વશ કરવા ચાય,
મુંન્ય નમી વીત આપીયે, તો વશ આવે ઉપાય ૬૧
બે જન લેણાં રિતમા, સર્મ ન કીજે કાય;
કરે સર્મ જો રિતમા, તો દુઃખ આવે ધાય. ૬૨

(નવની આળ નવ કરો.)

નારિ વારિ અનળથિ, આળ ન કરિયે કબ;

ગજ તુરિ અરિ વાઘ વરૂ, નાગ થકે દુખ મગ ૬૩

(ત્રણે નમેરા હોય.)

તુરિ તરિયા તરવાર ત્રિહ, જો અરિ કરમે જાય.
સીર લેવે આગુ થઇ, મેહેર ન ચિત જરાય ૬૪
હેત ચડે કૈ આપણો, તાસુ કરો ન ધ્યાય;
ઉપકારિ ગણિ ઉર ધરો, કેછે કુમેરચંદ. ૬૫

(દશના પાશલમાં ન પડો.)

અમણુરૂપ શશી દિવશમા, જુવાનિ વૃધ્યા હોય,
લોભિરાય સજ્જન દુખી, કમળ વિના સરોવર ૬૬
ખગ શોક વાચા સચગ, વિધવા જોબન વાસ;
નિઃસ્વાર્થે જુઠું લવે, પડો ન દશને પાસ. ૬૭

ભાવાર્થ--સ્વરૂપવાન મુગ્ધ, સુર્યોદય થયા પછી ચંદ્રનુ તેજ, આશક કરવાના વખતમાં વૃધ્ધ સ્ત્રીનો મુકાબલો, લોભાય રાજા, દુખીયા કુટુંબમા રેણાક, કમળ વિનાનુ સરોવર, દગાખોર ચાકર, બોલેલુ વચન ન પાળી શકે તે, જુવાન વિધવાના, પાડોસમા રેહવુ તે, નકામુ જુઠું બોલનાર સાથે સ્નેહ, એ દસને પાસલા સમાન જાણી દુર રેહવુ.

[દસનો ત્યાગ કરો.]

નૃપ નિતી ગત ગ્યાન જતી, સ્નેહ હિન છે નાર,

તેજ હિન મોતિ કીસુ, સુર હિન સરદાર. ૬૮
ગાન દિન સ્વર હય ગતી, બાંધવ સપ ન હોય,
બ્રહ્મ શોભિ તપ ધ્યાન ગત, એ દશ તજવા જોય ૬૯

ભાવાર્થ--નિતી વીગરનો રાજા, જ્ઞાન વિગરનો જતી, સ્નેહ વીગરની સ્ત્રી, તેજ વિગરનો મોતિ, સુરાતન વીગરનો સરદાર, સ્વર વીગરનું ગાયન, સપ વીગરના ભાઇ, સતોષ વીગરના શોભિ બ્રહ્મણ, ધ્યાન વીગરનો તપ, એ દશનો ત્યાગ કરવુ દુર્સ્ત છે.

(સતને નકામાં ગણે.)

દાન નથી જે ધન થકી, રીપુ દમે નહિ જોર,
સુણતા ધર્મ ન આચરે, કરતા અતિ બકોર ૭૦
સપ વિનાનુ કુળ કિસુ, દુખિ પ્રજાનો સ્વામ,
વિભચારી નારિ કીસુ, જશ વિણ જીવ્યું નકામ ૭૧

ભાવાર્થ—દાન કઇ શકાય નહી તેવુ ધન, દુશ્મનોની જીત કરી શકે નહી તેવુ બળ, શાસ્ત્ર બોધ શ્રવણ કરતા છતા ઉપદેશ પકડે નહિં તેવુ સાંભળવુ, કુશપીલા કુટબ સાથે દુખના વખતમા મદદ માંગવિ, ઘણી ગરીબને દુખી પ્રજાનો રાજ્ય, વભીચાર કરનારિ સ્ત્રી ઉપરનો પ્યાર, જસ કિર્તિ વીગરનુ જીવતર, એ સાતને નકામા ગણી ત્યાગ કરવુ.

(સાત કૃત્યથી નાસ થાય છે તે ન કરો.)

અતિ ચડે તે પડે અતી, માગે માન ખુવાય,
કામી ખોટ ખાય સદા લોભે કીર્તિ જાય ૭૨
મરે કાયરતો રણ વિશે, નારિ પરઘર વાસ,
કડુઆ વાચ અળખામણો, એ સાતેનો નાસ ૭૩

ભાવાર્થ—હરેક વાતમા અતિસય ચડીને મગત કરવાથી પડવા પણ થાય છે સ્નેહીઓ પાસે વખતો વખત માગવાથી માન જાય છે અતિશય કામંધ થઇ ફરવાથી ખામી લાગે છે અતિ લોભાંધ થવાથી કીર્તિ ઘટે છે જુદ્ધની વખતે કાયર થનાર મરે છે પારકા ઘર ફરવે ભેગનાર સ્ત્રીને મોટો ધકો લાગે છે કડવા બોલો સરવને અનિષ્ટ લાગે છે એ સાત કૃત્ય કરવાથી હાની પોહોચે છે

(અગિયાર પ્રકારથી સર્વ વશ થાય છે.)

ન્યાયે શત્રુ વશ કરો, લોભીને ધન દાય,
પતિ રતુથી વશ રહે, સમભાવિકમા ભય ૭૪
કપટ તજીને મિત્રને, પંડિતને શિર નામ,
પ્રેમે નારિ વસ હુવે, દાહ્યા વાતે કામ ૭૫
રસીયાને ખટ રસ દઇ, મુરખ ગમતી વાંગુ,
સ્વભાવ સારે લોકને, વસકર અવસર જાણ. ૭૬

ભાવાર્થ—શત્રુઓને ન્યાય બતાવીને. લોભિને ધન આપીને. પોતાના પતિને સંસારિક વેહવારનો પ્યાર આપીને, પોતાના ભાઇયો સાથે સંપ રાખિને, વાહાલા મિત્રી-

ઓ વચ્ચે કપટ મેલી દઈને, પડીત પુરૂષોને સર્વાગે નમન કરીને, પ્રીય પત્નીને પ્રેમ બતાવીને, વિવેકીયો પાસે તેમના લાયક વાત કરીને, જીભના સ્વાદને ખટરશ આપીને, મુરખ પાસે તેમનુ ગમતુ બોલીને, અને સર્વ જનોને સારા સ્વભાવ રાખીને, પોતાને કબજે કરિ શકાય છે.

(અગિયાર જણ પોતાના ગુણરૂપ શ્રંગારથી શોભે છે.)

રાજન નિત્યે ગુણી ક્ષમા, લાજે નારિ ધાર,
દપાત પ્રીતે નિત રહે, શિશથી ઘર દ્વાર ૭૭
અલંકાર તનપર ધરે, બુદ્ધિ જન મુખપર વાત,
વાચ શાચમા શોભશે, પ્રતાપિને સાન્ત. ૭૮
જીતેંદ્રી મુનિવર તણુ, દયા ધર્મનુ બિજ;
એ અગીયારે શોભતા, પેરે આભ્રણ રિઝ. ૭૯

ભાવાર્થ—રાજાને નિતીએ ચાલવુ તે શ્રગાર ગણાયછે, ગુણવંત પુરૂસોયે ક્ષમા કરવી તે, કુળવાન સ્ત્રીઓએ લાજમરજાદથી ચાલવું તે, સ્ત્રી પુરૂષના સબધ વચ્ચે પ્રીતીને આધીન થવુ તે, સારા અને મોટા મોહોલના ચોકમા સુપાત્ર પુત્રો ખેલ કરતા હોય તે, શરીર ઊપર સોળ શ્રંગારથી પેહેરવાથી બુદ્ધીજનોના મૂખપરથી ન્યાય નીપુણતા ભરેલા વાયકો નીકળતા હોય તે, વચનમા સત્યબોલવુ તે, પ્રતાપી પુરૂશને શાન્ત થઈ રહેવુ તે, મૂનિ વર્ગને

ઇંદ્રિયો દમન કરવુ તે, ધર્મ કાર્યમા દયા રાખવી તે, એ અગીયાર ગુણ રૂપ શ્રંગાર ધારણ કરવાથીજ મનોરંજક લાગે છે.

ચડે અતિ ઊંચા નરા, તે ફીર પડના જાય,
રવી ગઇંજી નભ મધ્ય થઇ, પશ્ચિમ દિસ સિધાગ ૮૦
હિત શિક્ષા સજ્જન લિયે. લેછે ફેલી ફ્ંદ,
પણ પરમારથ કારણે, કેછે ઉમેદચંદ. ૮૧

(બાર જણની તો હાંશી મશ્કરી બહૂ થાય છે.)

મુનિ કોપે માને દૂખી, હુકમ હીન નર રાય,
હસાય રાજા લોભથી, સ્વર હિન ગાવા જાય ૮૩
ધર્મ હીન પડીત નરા, મત્સર ધર્ગી માય;
નારી તો વભિચારથી, દેણે પરણે જાય ૮૩
રિશાળુ ભિક્ષુક વળી, કરપણ પાસે જાય;
આચારી પરઘર જમે, એ જગ હાંસી ગણાય. ૮૪

ભાવાર્થ—મુનિજનો કોપ કરવાથી, દુખી થવાના વખતમા અભિમાન રાખવાથી, રાજ્યછે પણ હુકમ નહી ચાલવાથી, રાજ્યની ઘણી આવક છતાં લોભ કરવાથી, સારો સ્વર નહી છતા ગાયન કરવાથી, ધર્મ ક્રીયાથી ભ્રષ્ટ થયા છતાં પડીતનો ડોહોળ રાખવાથી, ધર્ગી ગણાતા છતાં અહંકાર કરવાથી, સ્ત્રી ઉંચકુળની છે તેમ છતાં પર પુરૂશો સાથે વભિચાર શેવવાથી, માથે લેણદારોનો કરજ ચ-

ડાહીને સ્ત્રી પરણવાથી, પારકે ઘેર ભિક્ષા માગી ખાવાની ટેવ છે છતા અતી રીસ રાખવાથી, કર્પિ પાસે વાહાલી ચાકરની યાચના કરવાથી, અતિશય આચાર પાળનારે પારકે ઘેર જમવાથી, હાસીને પાત્ર થાય છે તે સમજીને તમે ન કરો !

(આઠ પદાર્થોની મોટાઈ સમજવા જેવી છે.)

ચ ડીથી અન્ય પાપશુ, ભલપણ જેવુ સાર.
લાભ સમો દુખ અવરશુ, મન શુદ્ધ તિરથ સાર ૮૫
સત્ય શિલા તપ અવરશુ, નિંધા સમો શુ મોત,
જસ સમ ભુષણ અવરશું, વિધા સમી શુ ઓથ. ૮૬

ભાવાર્થ—દરેક માણસની બીજાઓ પાસે ચાડી કરવી તેના જેવુ મોહોટુ પાપ નથી. સર્વ પ્રાણીઓ સાથે પોતે ભલપણ રાખવી તેના જેવું બિજુ સાર પદાર્થ નથી અતિશય લોભ રાખવા જેવુ બીજુ એકે દુખ નથી પોતાના મનની મલીનતા મટાડવી તેના જેવુ બીજુ પવિત્ર તિરથ નથી, સત્યસ્વભાવ રાખવા જેવુ બીજુ શ્રેષ્ટ તપ નથી, પોતાની જગતમાં નિંધા થવા જેવું બીજુ એકે મોત નથી, અર્થાત એ જીવતાંજ મૃત્યુ તુલ્ય ગણાય છે જગતમા પોતાની જસ કીર્તી ફેલાઇ રહેલી હોય તેના જેવા બીજા સુશોભિત આભુશણો નથી, વિધા સાસ્ત્રોનો સોધ કરેલું હોય તેના જેવી બીજી મજબુત ઓથ તથા આધાર નથી.

(છ જણનો ઊપાય છે પણ સાતમાનો નથી.)

વાહાણે તરિયે મહોદધિ, દિપક તિમર નાશ;
સર્પ સાંસે પકડિયે, વા વિઝણાથી ઘામ. ૮૭
ગજ અંકુશે વશ હુવે, ઉદ્યમથી દુઃખ જાય;
મુઢ મુરખ સમઝાવવા, મળ્યો ન એક ઉપાય ૮૮

ભાવાર્થ--વાહાણે ચઢીને માહાસાગરનો પાર લઇ શકાય છે, દીવો પ્રગટ કરવાથી અંધકારનો નાશ કરી શકાય છે, જબરને ભયંકર નાગ હોય તો પણ સાણસાથી કબજે કરી શકાય છે, અતિશય ગરમીથી થતો ઘામ સ વિંઝણાની ઝપટ નાખીને મટાડી શકાય છે, તે વખતે વખતના સમયાનું સારે વર્તીને ઉદ્યમ કરીએ તો આવેતી આફતોથી પ્રગટ થએલુ દુઃખીપણુ તે સર્વનું નાશ કરી શકાય છે. વિગેરે દરેક બાબતોને સુધારવા માટે ઇલાજ મળી શકે છે પણ મુઢ મુરખને સમઝાવવાની ખાતર અકરનિસ શાસ્ત્રકારાએ મથન કરી તેમના લાયક ઘટતો ઇલાજ સોધી કાહાડવુ તે ઘણુ મુસિબત ભરેલું છે.

(સ્વર્ગના સુખ મળવા કરતાં અધિક સુખ વિષે)

દાને દરિદ્રી સ્વર્ગ લીએ, સ્વાન્તીથી રાજન;
દયા ધર્મથી જગ જનો, જ્ઞાની ગૈન્ય સુમન ૮૯
જોબન વયમાં તપ કરી, મૃદુ પણે ધિર ધ્યાન;
ઇન્દ્રી રોકે અતિ સુખી, જુવતી પતી સનમાન ૯૦

શેવક નિમકહલાલથી, શિશ ગુરૂ ગુણ ભકત;
પર અવગુણ ઢાકણ થકી સ્વર્ગે લહે જન જગત ૯૧

ભાવાર્થ—અંતઃકરણ પૂર્વક સપતી મુજબ દાન આપનાર મનુષ્ય દરિદ્રી હોય તો પણ સર્વોતકૃષ્ટ સુખ પ્રાપ્ત કરે છે શાન્તી અર્થાત ક્ષમા કરનાર રાજાને, દયા પાળવાથી સર્વ જનોને સુભાસુભ હીતીત ભાષણના પ્રસંગમા મૌન્ય રહેનાર જ્ઞાનીજનોને, યાવન વયથી છકી જવાને બદલે તપ તથા યોગ ક્રિયાઓમા ઉતરી પડનારને, પ્રદ્ધારેથામા ધૈર્યતા પકડી પ્રયત્ન કરનારને, ગર્વ પદાર્થો પર પથરાયલી ઈચ્છા તેને રોકી રાખનારને, કુળવાન સ્ત્રીઓમાંના પતિની મનોવર્તી મુજબ વર્તીને પતિવ્રતા ધર્મને અનુસારે ચાલનારને, નોકરોને અધીપતીની મનોવ્રતી મુજબ સદ વિનય વર્તીને નીમકહલાલ કરી હકમાઈ પ્રકાશ કરનારો શિશ્ય વર્ગ પવિત્ર ગુરૂને યોગ્ય ભક્તિ કરી ગુણોનુ સ્તવન કરનારને સમુદ્રની માફક ગંભિરતા સથે પારના દુરગણો જાણતા છતા બીજાઓ પાસે પ્રકાશ નહી કરનારને આ જગતમા સ્વર્ગ કરતા પણ અધિક વાન્છિતાર્થ સૂખની પ્રાપ્તી થાય છે ને તેમ વર્તવા કોણ વીવેકી ચુકશે.

(પનર જણ પોતાના ગુણ રૂપ શ્રંગારથી) શોભે છે.

સોભે નિસા પુરણ શશી, ગયવર મદઝર હોય;
કુમળા કરજળ કમળથી, નારી શીએળ જોય; ૯૨
વેગ ગતિ તુરગમાં, વિવાહથી ઘર દ્વાર;

કુળ શોભે સુપુત્રથી, ત્રટની જળ ભર સાર. ८3
વ્યાકર્ણે વાણી ભલી. ધરા ભુપની જાણ;
મુખવાચ્યા સત્ય બોલથી, પરિમલ પુષ્પ પ્રમાણ. ८४
સભા ભરી પડીત જને, તરૂવર પત્ર સાહાય,
સારો જગ જગનાથના, ધ્યાન થકી પકાય ८५

ભાવાર્થ—સોળ કળાના પુર્ણ ચદ્રથી રાત્રી, મદઝરવાથી હાથી, રગી બેરંગી કમળના મનહર પૂષ્પો ખીલી રહેવાથી, જળપુરતી સરોવર, શીયળવ્રત પાળવાથી સ્ત્રીઓ, ચચળ ચપળ ને પવન જેવા વેગથી ચાલનાર ઘોડો, વિવાહના ધવળ મગળથી ઘરનુ ઘાર, સુપાત્ર પુત્રોથી પોતાનુ કૂળ, નિરમળ જળના પ્રવહથી સૂશોભીત નદીઓ, વ્યાકર્ણના નિયમોને અનુસર્તી કોમળ વાણી, પૃથ્વી રાજાથી મુખનુ વચન સત્ય બોલવાથી, સર્વ જાતના પુષ્પો સુગધી વાસનાથી, પડીત જનોથી સભા, સર્વ જાતના સુદર વન વાટીકા આગંનના વૃક્ષોપાનથી. તેમજ સારિ દુનીયા પરમેશ્વરના નિર્મળ ધ્યાનથી બિજા શ્રગાર અલંકારો, પેહરવા સિવાય કુદરતી અલંગારોથીજ સુશોભિત લાગે છે.

ઉત્તમ નર ત્યા નહી રહે, વાધે નહી જ્યાં માન;
વર્ષા રૂતુમાં માનસર, હંસ તજે અભિરામ. ८६
મળિને હોઓ સુવાસના એ છે અમૃત કંદ,
જશ મળશે જગમાં ભલો, કેહ છે ઉમેદચદ. ८७
(બાર દૂખરૂપ સમજીને ત્યાગ કરવા)
બ્રાહ્મણ વિપ્ર વૈદક છકો. ભાંડ ભાંડને જોય;
મુંઢ ગુરૂ કયર રણે અશ્વ હડિલો હોય. ८८
નૃપતિ વભિચારી પુરો, દુષ્ટ દિવાનો તાસ;

મિત્ર ઘાતકી ત્યાગીદે, રોગી દેશકો વાસ. ૯૯
કુલટા નિર્લજ નારને પાપિ પુત્રકો મુખ;
ન્યાય લાચીઆં દેખતા, તજીએ જાણી દુઃખ ૧૦૦

ભાવાર્થ—અભાગ્ય બ્રાહ્મણ જેમ જોઈ વીપરીત બોલે સેવાને મદ ચઢવાનિમા છકી ગયેલા વૈદને, શોકાકુળ થયેલા ભાટને, દિનરાશની ખબર નહીં તો સુદ્ધ ધર્મનો મર્મ તો જાણેજ ક્યાંથી એહવા મઢ ગુરૂને યુદ્ધ કરવામા કાયરને, રાક બની ગયેલા હોય એવાનુ વોહોરાવુ. પાછો હઠીને ઉભો રહેતા હોય તેહવા ઘોડાને, વાણિજ્ય કરવામા મસ્ત બની ગયેલા રાજાની રાજધાનીને દુષ્ટ પ્રપંચી દિવાનો-ની હજુરમા ન્યાય કરાવવુ, વહાલો મિત્ર છે તેમ છતાં બુરૂ ચિન્તતો હોય તેહવાને વળી માનને રંધી વાઞ્છનાર્થ મળે તેહવુ છે પરંતુ અતિશય રોગની ઉત્પતી હોય તેવા દેશની રેહઠાણને, કુળઘાતી અને દુરાચાર સેવન કરનાર સ્ત્રીને. ઘાતી કુટુંબ ધર્મે ગુરૂ માતા પિતાથી, વિરૂદ્ધકીર્તી પાપમા પુરી કરનાર પુત્રને, લાંચખોર અમલદારનો મુકાબલો, એ સર્વે ખરેખર દુઃખ દાયક સમજીને ત્યાગ કરવાથી સુખ થાય છે

(આડવાના હોય ત્યાં બિજાની જરૂર રહેતી નથી.

સમતા છે ત્યાં કાચશુ, દુરજન ત્યા શુ નાગ;
રિપુ ક્રોધ સમ અવરશુ, નાત સમીશુ આગ. ૧૦૧
અચુક વિદ્યા સમ ધનકવણ, સ્નેહ સમો શુ રોગ;
સન સમો ભૂષણ કવણ, કવીસમ નહીં નરભોગ. ૧૦૨

ભાવાર્થ—જેણે સમતારૂપ કવચ પેહેરી પોતાનું રક્ષણ કરેલુ છે તેને બીજા કવચ પેહેરવા જરૂર રહેતી નથી જીહા દુરજનો રહેતા હોય તો બિજા સર્પોની દેહશત રાખવા જરૂર નથી,

પોતામા ક્રોધ ઉત્પન્ન થયેલો હોય તો તે સિવાય બિજા ક-ટા શત્રુઓની જરૂર નથી. નાતિલાઓ અને સપરદાહની ખટપટમા પડી જવાથી અહરનીસ અંત:કરણ દહન થતું હોયતો બીજી અગ્નીમા બળી મરવાની જરૂર રેહલી નથી. શિખેલી અને અનુભવ સાથે શ્રાણ કરેલી વિદ્યા સદાય અ-સખળીત અને રગણુતા થઇ રહેલી હોયતો બિજી મેળવે-લી લક્ષ્મીનો દરકાર રેહતો નથી. પ્રાણુથી પ્રીય અને વા-હાલા મનરંજક માયાળુ સ્નેહીયો તેઓના વિયોગથી ઉત્પન્ન થયેલા દુખને લિધે અહરનીસ તનમન દિલગીરી આધીન રેહેતુ હોયતો ત્યાં બિજા રોગોની જરૂર નથી જેણે દેવગુરૂ ધર્મ અને જગતની સર્મ રાખેલી છે તેથ સર્વાંગે સુશોભિત છે, તો તેને બિજા શ્રંગાર અલંકારો પેહરી શોભિત થવા જરૂર નથી, તેવીજ કવિશ્વરો જે કે શુદ્ધ રમ્યતા સાથે કા-વ્ય કળામા કૈશલ્યતા પામી દેવગુરૂ ધર્મના ગાંન તાન કા-વ્ય કવીત છંદ પ્રબધમાં મચિ રહી અમુલ્ય વખત નીર ગમન કરતા હોય તો તેઓને દેસાધપત જેવા ભોગોપભો-ગની દરકાર નથી.

સુખ દુ:ખ વિશે.

દુખ અને સુખકે સદા, સુખ અને દુખ જેમ;
નિસ અંતે રવિ સચરે, રવિ અંત નેમ તેમ ૧૦૩

સદગુણ વિશે.

મૂરખનું ધન દેખનાં, કરે ન સુગુણા રેસ,
વેશાના શ્રૃગારમાં, સતિ ન રાચે લેશ. ૧૦૪

સતસંગ.

સત સંગત ચિતચિત કરિ, હરે કર્મનો મૈલ,
પારસ પર્સે લોહ જ્યું, હોવે કંચન શૈલ્ય ૧૦૫

હઠકદાગ્રહ.

અપલક્ષણ જેહને પડ્યું, દુર વ્યસનીનું જેહ,
આતી ખનાબી જે હુવે, તોય ન મૂકે તેહ. ૧૦૬

(ઉત્યમ.)

ઉત્યમ જનના સંગથી, વધે રંગમા રંગ;
નૃપ તન અતર બાસથી, સભા ઉંગગ અભંગ ૧૦૭

(વૈર ન કરો.)

વૈર કબૂ કીજે નહી, નબળા સબળા સાથ,
વૈર થકી પડતે સમે, કોય ન સાહે હાથ ૧૦૮

(સહૃ મિત્ર.)

પોતાના વૈભવ વિષે, મિત્ર નિજ સમ માન;
રાખે નહીં અંતર કદી, ધરે નહી અભીમાંન. ૧૦૯

(પરોપકાર વિષે.)

પરોપકારી જનજમા, કરે સદા ઉપકાર;

ભલો બૂરો લેખે નહી, કરૂણા અન્તર લાર. ૧૧૦
તરૂવર છાયા આપીને, હરે તાપને થાક;
નિચ ઉચ્ચ લેખે નહિ, સાંન્તી કરે અમાપ. ૧૧૧

(જેહને જેવું ગમ્યું તે.)

જે જેહને પ્રિયે હુવે, તેહના કરે વખાણ.
ભજની વ્યસની પરસ્પર, કરે કૃત્ય પરમાણ ૧૧૨
સારા સાર વિચારતા ઉપજે પર્માનંદ.
ધર્મોદ અવિચળ રહે, કેહ છે ઉમેદચંદ ૧૧૩

(અભીમાનીનાં વચન.)

માંની બોલે આપથી, માંન કરીને જોર;
ડાહાપણ ડાહોળી મન ગણે, બિજા નરકે ઢોર ૧૧૪
ખાવા પિવા પેહેરવા, જાણે શુ એ નિચ;
ડાળે ડાહાપણ વાતમા, વળગ્યો જાણે રીંછ. ૧૧૫
અભિમાંન મિથ્યા કરે, દંભિ મૂરખ લોક;
અણદઠુ દિઠુ લવે, જવી ફૂટલ બોખ. ૧૧૬
બોલ્યુ અણબોલ્યુ કરે, નાહિ ધર્મનો તોલ,
પલટે લાલચ કારણે, જેહના ફૂટલ ઢોલ ૧૧૭
ત્રોડે ચિલા ધર્મના, મોહટપનો લઇ ડોળ.
ધમ સત્ય સમજે નહી, અવળું બકે નિટોળ. ૧૧૮
અસત્યમાં લક્ષ્મી ટળી ભુખ ફરે ઘર માય,
ધમાદે નજરૂં હરિ, અવર નહિ ઉપાય. ૧૧૯

ચોટીયો થઈ ડાગળો, બોલે પક્ષકર વચ;
ન્યાય અન્યય લેખે નહીં, પેટ ભરિ લે લાંચ. ૧૨૦
ખાસા કપડા પેહરતા, બાડે લઇ કા મુલ;
લાજ સર્મ વિણ નહી ખસે, જેહવા આવળ ફુલ. ૧૨૧
કપાળ કુટે પચમા, કપટ સંગ પરપચ;
સત્યા અસત્ય વિપ્રીત કરે, પરભવ ડર નહિં રચ. ૧૨૨
અલોગો દુખે નહી જરા, જો પોતાનુ કયાય,
ભાગ્યા જોડે ચપકથી, સગ્ન ફોડે જાય. ૧૨૩
નાત જાતને ધર્મમા, નહીં કાયદા લેશ;
હિત શિક્ષા દેતા સમે, ઉડે કરિ કલેશ. ૨૪
સેહરિ ગામડિયા વચે, આમ જમીનનો ફેર,
ગામ નવ રહિ શેહેરમા, જોજ્યો ઘેરા ઘેર. ૧૨૫
હજી ગામડે જઇ રહ્યા, ભાર તેહને લાજ,
મહાજન સાથે ચાલતા, લોક મળિને આજ. ૧૨૬
આજ્ઞા રાખે જાળવી, વળી ધર્મની ટેક,
કરતા આદર હર્ષમા, રાખિ મન વિવેક. ૧૨૭
મેલિ મન પોતા પણી, દ્રઢ કર મન વિચાર;
સત્ય જણાશે વાત એ, જુઠું નહીં લગાર. ૧૨૮
ગારે ગઇ તે ગઇ ગઇ, રહિ તે રાખો ટેક;
ધર્મ ન લોપો આપણો, જુદા થઇને છેક. ૧૨૯
ધર્મ જ્ઞાન જો રાખશો, તો ફળશે સુખકંદ;
સ્વારથ પર્માર્થ કથી, કે છે ઉમેદચંદ. ૧૩૦

સમાપ્ત.

ઉત્તમમાં ઉત્તમ.

આજ સુધીમાં પ્રગટ થએલી સર્વે પ્રતોથી શ્રેષ્ઠ.

सामायक प्रतिक्रमण.

અર્થ, વિધિ અને તેત્રીશ બોલના થોકડા સહિત.)

અત્યાર સુધીમાં કોઈ તરફથી પ્રગટ નહીં થએલી એવી સંપૂર્ણ શુદ્ધ પ્રત પ્રગટ કરવામાં આવી છે. તેમાં દરેક શબ્દના ફોડવાર અર્થ-વિધિ બતાવી બનતા સુધી એક પણ ખામી રાખવામાં આવેલ નથી. અનેક જુની પ્રતોનો સંગ્રહ કરી તેપરથી લાંબી મુદત સુધી સંસોધન કરી આ 'સામાયક પ્રતિક્રમણ' ના પુસ્તકને ઉત્તમ બનાવવા બનતો શ્રમ વેઠી પૂરતો નાણાંનો ખર્ચ કરેલો છે મોટા મોટા પંડિત મુનિરાજો પાસે પ્રતો મેળવાવી આ પુસ્તકને દોષ રહિત બનાવવા પુરતી કાળજી રાખી છે એટલુંજ નહિ પણ ઈંગ્લીશ બાઈન્ડના જેવા પચાસ રતલી કાગળમાં બનકદાર આ મોટા ગરોડહાર ટાઈપથી છપાવવામાં આવેલ છે તેમજ પુઠાપણ રંગીન શોભીતી છીંટના અને મજબુત બનાવવામાં આવ્યા છે યાદ રાખવું કે આજ સુધીમાં આવી શુદ્ધ પ્રત એક પણ પ્રગટ થઈ નથી આ એટલા માટે દરેક શ્રાવક બંધુને આ ઉત્તમ પુસ્તક ખરીદવા અમારી વિનંતી છે વળી આજ સુધીમાં બીજી પ્રગટ થએલી કોઈ પણ પ્રત કરતાં અમારા તરફથી બહાર પડેલી પ્રતઉત્તમ

છે, એવી ખાત્રી કરી આપવા અમે બંધાએલા છીએ.

ફક્ત સોળપેજી લગભગ ૨૦૦ પૃષ્ઠ છે, છતાં કિંમત સાગ છીંટના પુંઠાના રૂ૦-૧૨-૦ બાર આના અને પટી-વાળા છીંટના પુંઠાના રૂ૦-૧૦-૦ દશઆના પોસ્ટેજનો ૦-૧-૦ એકઆનો જાદે થશે દશ નકલ રાખનારને એક નકલ ભેટ સામટી ખરીદનારને સારૂ કમીશન આપવામાં આવશે પુસ્તક રોકડી કિંમત મોકલી મંગાવવું અગર વે-લ્યુપેએબલ બુક પાર્સલથી મોકલવામાં આવશે

મજકુર પુસ્તક વઢવાણ, મુળી, સાયલા, ચુડા, બોટાદ, વાગનગામ, ભાવનગર, જેતપુર, ધોરાજી, જુનાગઢ, જામ-નગર, અમદાવાદ, સુરત, રાજકોટ, માંડવી, અંજાર અને ભુજમાં લોંકાગચ્છના ઉપાશ્રયના મુખ્ય અગ્રેસરો પાસેથી પણ મળશે વધારે ખુલાસા માટે નિચેના શિરનામે લખવું

લી૦ શેવક.

શ્રાવક લેહેરચંદ દીપચંદ તલસાણિયા.

લીંબડી-કાઠિયાવાડ.

વિદ્વાન પુરૂષોએ વખાણેલું.

"નાસિક અને વર્તમાન તત્વ સંગ્રહ."

(मासिक चोपानीयुं.)

રા. રા. કૃષ્ણલાલ ગોવિંદલાલ મેહેતા આબાવાડ પ્રાંતના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબ લખે છે કે* * * * *

આ ચોપાનિયું એક ઉત્તમ જ્ઞાન વર્ધક સાધન રૂપ થશે તેમાં વિષયની ચુંટણી એવી સરસ રીતે કરવામાં આવી છે કે રાજકીય સંસારીયા સ્થાનિક ખબરો મેળવવાની ઇન્તેજારી ધરાવનાર દરેક સખ્સને તેમાંથી રૂચતી બાબતો મળી શકે છે વળી એ ખબરો જુદા જુદા ઉત્તમ વર્ગના ગુજરાતી અને અંગ્રેજી વર્તમાન પત્રો વગેરેમાંથી દોહન કરેલી જણાય છે તે અધિક પ્રસંસા પાત્ર છે. બેશક આવા એક માસિકની ગુજરાતી ભાષામાં જરૂર હતી અને એ જરૂર ઉત્સાહી અને મેહેનતુ મી. મગનલાલે પુરી પાડી છે, તે આનંદ જનક છે. ઉપયોગી ખબરોના દોહન સાથે તેનું મોટું કદ તથા છપાઈ કાગળ વગેરે સાથે વિચાર કરતા તેની કિંમત બહુ થોડી છે આશા છે કે ગુજર સાક્ષર વર્ગ તથા અન્ય સામાન્ય વર્ગ તરફથી પુરતો આશ્રય મળશે* * * * * *

સિવાય—કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ, કચ્છના માજી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર રા. સા. દલપતરામ

પ્રાણજીવન, ઇડરના માજી દિવાન રા. બા. સવાઈલાલ ભા-
ઇ, વગેરે વિદ્વાન વર્ગોએ ઉત્તમ અભિપ્રાયો આપેલા છે.

સદરહુ ચોપાનીયામાં હિંદુસ્તાનની અંદર નિકળતા સઘના સારા ન્યુસપેપરનો સાર ખેંચવામાં આવે છે. તેમાં ઘણા અગત્યના તત્વદાર લખાણો લેવામાં આવે છે. સિવાય અસર કારક અને મનોરંજક વાર્તાપણ દાખલ કરવામાં છે. આ ચોપાનીયું ખરીદવાથી ઘણું કરીને હિંદમાં નિકળતા સઘળા ન્યુસપેપરની ગરજ ઘણા ટુંકા ખર્ચમાં સરે છે. તેનું કદ મોટા ૩૨ પૃષ્ટનું હોવા છતાં વાર્ષિક કિંમત ટપાલ ખર્ચ શુદ્ધા માત્ર એકજ રૂપિયો રાખવામાં આવી છે. યાદ રાખવું કે આવું મોટું આટલી હલકી કિંમતનું એક પણ ગુજરાતી ચોપાનીયું આજ સુધીમા બહાર પડેલું નથી. વિશેષ ખાત્રી માટે એક નકલ નમુના તરીકે મંગાવી નજરે કરવા અરજ છે. નિચેના શિરનામે લખવું.

મગનલાલ ઝવેરચંદ શાહ,

અધિપતિ--માસિક અને વર્તમાન તત્વ સંગ્રહ.

લીંબડી--કાઠિયાવાડ.

